ઉત્તર ગુજરાત સહિત અરવલ્લી જિલ્લામાં ખાદીના વસ્ત્રો પહેરવાનો સતત બીજા મંગળવારે ફિયાસ્કો

મોટાભાગની કચેરીઓ અને સ્કૂલોમાં શિક્ષકો કર્મચારીઓ ખાદીના વસ્ત્રો પહેર્યા વગર પહોંચ્યા

અરવલ્લી, તા. ૨૧

રાજ્યના શિક્ષણમંત્રીની સપ્તાહમાં એક દિવસ ખાદી પહેરવાની સલાહનો શિક્ષણ વિભાગના કર્મચારીઓ અને શાળા-સ્કૂલના શિક્ષકોએ મોટા ઉપાડે વધાવી લીધી હતી અને દર મંગળવારે ખાદીના કપડા

પહેરવાનુ નક્કી કર્યુ હતુ. પરંતુ જાહેરાત પછીના પ્રથમ મંગળવારે જ ગુજરાત રાજ્યમાં તેનો ફિયાસ્કો થયો હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવ્યુ હતુ. ત્યાર બાદ ના છૂટકે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ ખાદીના વસ્ત્રો શા માટે પહરેવા જોઈએ તેની વાત પત્ર દ્વારા સમજાવવા છતાં બીજા મંગળવારે ઉત્તર ગુજરાત સહિત અરવલ્લી જિલ્લામાં શિણાધિકારી કચેરી, તાલુકા શિક્ષણાધિકારી કચેરીના સ્ટાફ અને શાળા-સ્કૂલના શિક્ષકોએ અમલવારી ન કરતા શિક્ષણમંત્રીના આદેશને ઘોળીને પી ગયા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ 'ખાદી ફોર નેશન ખાદી ફોર ફેશન' સુત્રને સાકાર કરવાના ઉદ્દેશ્યથી સરકાર અને શૈક્ષણિક સંગઠનો વચ્ચે મળેલી બેઠકમાં ખાદીના વસ્ત્રો પહેરવાનો સંકલ્પ લેવાયો હતો. ઉત્તર ગુજરાત અને અરવલ્લી જિલ્લામાં શિક્ષણાધિકારી, તાલુકા શિક્ષણાધિકારી, શાળા સ્કૂલના મોટાભાગના કર્મચારીઓ અને અને શિક્ષકો અને શિક્ષિકાઓ ખાદીના ડ્રેસના બદલે રૂટીન ડ્રેસમાં જ સ્કૂલોમાં જોવા મળ્યા હતા. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાના અધ્યક્ષસ્થાને સમીક્ષક બેઠકમાં રાજ્યની શિક્ષણ વિભાગ તાલુકા કક્ષાની જિલ્લા કક્ષાની કચેરીઓમાં સપ્તાહમાં એક દિવસ ખાદી પહેરવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. ઉપરાંત રાજ્યના વિવિધ શૈક્ષણિક સંગઠનો જેમાં પ્રાથમિક શિક્ષક સંગઠન, માધ્યમિક શિક્ષક સંગઠન, ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંગઠન, આચાર્ય સંગઠન, કારકૂન સંગઠન, બિન શૈક્ષણિક સંગઠન સંગઠનોએ પણ ટેકો આપી સપ્તાહમાં દર મંગળવારે ખાદી પહેરવાનુ સમર્થન આપી મંગળવારે ખાદી પહેરાવનુ નક્કી કરાયું હતું.

શિક્ષકો અને કર્મચારીઓ સંકલ્પ કરાયા બાદ પ્રથમ મંગળવારે શૈક્ષણિક કચેરીઓ અને સ્કૂલોમાં મોટાભાગના શિક્ષકો અને કર્મચારીઓ ખાદીના વસ્ત્રો પહેરવાનુ ભુલી ગયા હતા. આ હકીકતની જાણ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા દ્વારા રાજ્યના તમામ ઓઈઓ અને ડીપીઓ શાસનાધિકારીને પત્ર લખાયો હોવાનો અને રાજ્યના શિક્ષણના તમામ કર્મચારીઓને પહોંચાડી દેવામાં આવ્યો હોવાનું આધારભૂત સુત્રો દ્વારા જાણવા મળી રહ્યું હતું. ગાંધીનગર સમાચારના પ્રતિનિધિઓએ શિક્ષણમંત્રીના સંકલ્પનો બીજા મંગળવારે અમલ થયો કે નહિ તે જાણવા અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અને તાલુકાની શિક્ષણાધિકારી કચેરીઓમાં તપાસ હાથ ધરતા શિક્ષણાધિકારી સહિત મોટાભાગના ટી.પી.ઓ. અને કચેરીના કર્મચારીઓ અને શાળાના કર્મચારીઓ સહિત શિક્ષકો અને શિક્ષિકાઓ ખાદીના વસ્ત્રો પહેરવાથી દૂર રહ્યા હતા અને મોટાભાગના શિક્ષકો પોતાના રૂટીન મુજબના જ કપડા પહેરીને શાળા-સ્કૂલે અને ઓફીસે પહોંચ્યા હતા. શિક્ષણમંત્રીની સલાહનો અને પત્રનો સતત બીજા મંગળવારે ફીયાસ્કો થયો હતો. શિક્ષણમંત્રીની સલાહનો સતત બીજા મંગળવારે શેઠની શિખામણ ઝાંપા સુધી એમ શિક્ષણમંત્રીના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં મોટા ઉપાડે સંકલ્પ કર્યા બાદ અમલવારીમાં મીંડુ જોવા મળી રહ્યું છે.

અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારી એ. પી. ઝાલાએ ખાદીનો પરિપત્ર મળ્યો ન હોવાનુ જણાવ્યુ

ગુજરાતની તમામ શાળાઓના આચાર્યો, શિક્ષકો, વહીવટી કર્મચારીઓ તેમજ જે તે વિભાગના વડાઓ દર મંગળવારે ખાદીના વસ્ત્રો પહેરશે તેવો સંકલ્પ લેવાયાની જાહેરાત બાદ પ્રથમ મંગળવારે મોટાભાગની જગ્યાએ અને અરવલ્લી જિલ્લામાં અમલ ન થતા ના છૂટકે ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ખાદીના વસ્ત્રો શા માટે ન પહેરવા જોઈએ તેવી વાત પત્ર દ્વારા લખી રાજ્યના તમામ શિક્ષણાધિકારી પૂછપરછમાં રાજ્ય શિક્ષણ વિભાગ કે મંત્રી તરફથી હજુ સુધી લેખીતમાં કોઈ પરિપત્ર મળ્યો નથી. તેમ ભારપૂર્વક જણાવી પરિપત્ર મળશે અરવલ્લી જિલ્લાની તમામ શૈક્ષણિક કચેરીઓ અને શાળાઓ અને સ્કૂલોમાં પરિપત્ર દ્વારા દર મંગળવારે ખાદી પહેરવા કરવામાં આવશે. આધારભૂત સુત્રો દ્વારા જાણવા મળ્યા મુજબ શિક્ષણમંત્રીએ પત્ર દ્વારા રાજ્યના તમામ ડીઈઓ અને ડીપીઓને જાણ કરાઈ હોવાનું જાણવા મળી રહ્યુ છે ત્યારે અરવલ્લી જિલ્લાના શિક્ષણાધિકારી અને ઈન્ચાર્જ પ્રાથમિક શિક્ષણાધિકારી એ.પી. ઝાલાએ પરિપત્ર અંગે નનૈયો ભણતા અચરજ ફેલાયુ હતુ.

બાયડ નગરપાલિકાના પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર

બાયડ નગરમાં ચૂંટણીના નગારા વાગશે તે નક્કી : ભાજપના ૫ બળવાખોર સભ્યોએ એનસીપીના ટેકાથી દરખાસ્ત પસાર કરી : બળવાખોર સભ્યો સામે ભાજપે સસ્પેન્સનની કાર્યવાહી હાથ ધરી

બાયડ, તા. ૨૧

બાયડ નગરપાલિકાના ગત ફેબ્રુઆરી ૨૦૧૬માં ચૂંટણી

યોજાતા ભાજપના ૧૩ અને એનસીપીના ૧૧ સભ્યો ચૂંટાતા ભાજપના વરૂણ પટેલને બહુમતીથી પ્રમુખ તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા હતા. આ નગરપાલિકાને એક વર્ષ જેટલો પણ સમયગાળો પૂર્ણ થયો નથી ત્યા તો ભારતીય જનતા પાર્ટીના નગરપાલિકાના સભ્યોમાં અંદરો અંદરનો ઝઘડો બહાર આવી ગયો છે અને ખુદ ભાજપના જ પાંચ બળવાખોર સભ્યોએ એનસીપીના ટેકાથી ૩૦ જાન્યુઆરીના રોજ અવિશ્વાસની દરખાસ્ત દાખલ કરાઈ હતી. જે બાબતે આજરોજ બાયડ નગરપાલિકાના સભાખંડમાં ચીફ ઓફિસર અને ચૂંટાયેલા સભ્યોની ઉપસ્થિતિમાં ભાજપના ઉપ પ્રમુખની અધ્યક્ષતામાં બેઠક યોજી કામગીરી હાથ ધરાઈ હતી. જે અનુસંધાને મતદાન યોજાતા હાજર ૨૪ સદસ્યોમાંથી ૧૬ સદસ્યોએ અવિશ્વાસની દરખાસ્તની તરફેણમાં મતદાન કર્યુ હતુ. જ્યારે ૮ સભ્યોએ દરખાસ્તની વિરોધમાં મતદાન કર્યુ હતુ. આમ અવિશ્વાસની દરખાસ્તની તરફેણમાં બે તૃતિયાંશ સભ્યોની બહુમતી હોઈ અવિશ્વાસની દરખાસ્ત પસાર થઈ હતી. ભાજપના સભ્યોનો અંદરોઅંદર અસંતોષ હોવાના કારણે નગરપાલિકાના પ્રમુખ સામે જે અવિશ્વાસની દરખાસ્ત રજુ કરવામાં આવી હતી એ આજ રોજ એનસીપીના ૧૧ સભ્યો અને ભાજપના ૫ સભ્યોના ટેકાથી અવિશ્વાસની દરખાસ્ત પસાર થઈ હતી. ભાજપના પાંચ બળવાખોર સભ્યોએ જે અવિશ્વાસની દરખાસ્ત રજુ કરી હતી જે અંતર્ગત આજે બાયડ નગરપાલિકાના સભાખંડમાં સભા મળી હતી. જેમાં ભાજપના પાંચ બળવાખોર સભ્યોએ ભાજપે આપેલ મેન્ડેટ વિહિપનો અનાદર કરી ભાજપની વિરૂદ્ધમાં મતદાન કરતા આ સભ્યો સામે ભાજપે સસ્પેન્સનની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળ્યુ હતુ. ત્યારે આગામી સમયમાં બાયડ નગર પાલિકામાં ચૂંટણીના નગારા વાગશે તે વાત ચોક્કસ છે.

બાયડ નગરમાં ચૂંટણીના નગારા વાગશે તે નક્કી

બાયડ નગરપાલિકાની ચૂંટણી યોજાયે એક વર્ષ જેટલો સમયગાળો પૂર્ણ નથી થયો અને બાયડ નગરપાલિકાનું સુકાન ભારતીય જનતા પાર્ટીના હાથમાં હતું. પરંતુ બાયડ નગરપાલિકાના ભાજપના પાંચ બળવાખોર સભ્યોએ સત્તાને લઈને નગરપાલિકાના પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત રજુ કરતા બાયડ નગરમાં બળવાખોરો સામે રોષ ફાટી નીકળ્યો હતો ત્યારે આજે નગરપાલિકાના સભાખંડમાં ઉપ પ્રમુખની અધ્યક્ષતામાં અવિશ્વાસની દરખાસ્ત માટે સભા મળી હતી. જેમાં ભાજપના ૫ બળવાખોર સભ્યો અને એનસીપીના ૧૧ સભ્યોના ટેકાથી ૧૬ સભ્યોએ અવિશ્વાસની તરફેણમાં મતદાન કરતા અવિશ્વાસની દરખાસ્ત પસાર થઈ હતી. જ્યારે ભાજપ પક્ષે આપેલ મેન્ડેટ વિહિપ વિરૂદ્ધ ભાજપના પાંચ સભ્યોએ બળવો કરી મતદાન કરતા ભારતીય જનતા પાર્ટીએ આ પાંચેય બળવાખોરો સામે સસ્પેન્સનનો કોરડો વીંજવાની તૈયારી હાથ ધરી હતી. ત્યારે અત્રે ઉલ્લેખનીય છે કે ટુંક જ સમયમાં બાયડ નગરપાલિકામાં ચૂંટણીના નગારા ફરીથી વાગશે ત્યારે આવનારા સમયમાં બાજી કોણ મારશે તે આવનારો સમય જ બતાવશે.

મહેસાણા ફાઇન આર્ટસ કોલેજ દ્વારા ત્રિ-દિવસીય પ્રદર્શનનું આયોજન

મહેસાણા ન્યુ પ્રોગેસીવ કોલેજ ઓફ ફાઈન આર્ટસ દ્વારા ૩૬ મા વાર્ષિક કલા પ્રદર્શનનું આયોજન કરાયું છે. મહેસાણામાં પુજા બિલ્ડીંગ મ્યુનિસિપલ ગ્રાઉન્ડ નજીક આવેલ કોલેજ ખાતે ૨૧ ફેબ્રુઆરીથી ૨૩ ફેબ્રુઆરી દરમિયાન સવારે ૦૮ કલાકથી સાંજે ૦૫ કલાક સુધી પ્રદર્શન યોજાનાર છે. ત્રિદિવસીય આર્ટગેલેરી પ્રદર્શનમાં એપ્લાઇડ આર્ટસ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ કૃતિઓ રજુ કરાઈ છે. મહેસાણા ફાઈન આર્ટસ કોલેજના આચાર્ય હરીભાઈ પટેલે જણાવ્યું હતું કે આ પ્રકારના પ્રદર્શનથી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળી રહે છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ એક બીજાની કૃતિઓ શેર કરી શકે છે. આ પ્રદર્શનમાં જાહેરાત આર્ટ ડિઝાઈન, પોસ્ટર, હોંર્ડિંગ્સ, મેગેઝીન, એડ ન્યુઝ પેપર, ફોલ્ડર, ફ્લોર ડિસ્પેલ, બુક જેકેટ, પેકેજીંગ લોગો, સિમ્બોલ, ડ્રોઈંગ, સ્કેચીંગ, ૨-ડી અને ૩ ડી ડિઝાઈન ફોટોગ્રાફી, પેઈન્ટીંગ, ક્રાફ્ટ મોડેલીંગ સહિતની વિવિધ કૃતિઓ પ્રદર્શનમાં મુકાઈ છે.

પ્રાંતિજ નગરપાલિકામાં સામાન્ય સભાનો ફિયાસ્કો

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ નગરપાલિકાની સામાન્ય સભા તા. ૨૦-૨-૨૦૧૭ ને સોમવારના રોજ યોજાવાની હતી પણ નગર પાલિકામાં ચુંટાયેલા ૨૧ સભ્યો પૈકી માત્ર ૩ સભ્યો ઉપસ્થિત રહેતાં સામાન્ય સભા નોન કોરમ થતાં સભા મોકુફ રહી હતી.

પ્રાંતિજ ખાતે આવેલ નગર પાલિકાની સામાન્ય સભા તા. ૨૦-૨-૨૦૧૭ ને સોમવારના રોજ ચાર વાગ્યે યોજાવાની હતી જયારે પ્રાંતિજ નગર પાલિકામાં ચુંટાયેલા ૨૧ સભ્યો પૈકી માત્ર પ્રમુખ અને બે વિરોધ પક્ષના સભ્યો સહિત કુલ ત્રણ જણાં હાજર રહેતાં સભાનો ફિયાસ્કો થતાં સભા મુલતવી રાખવામાં આવી હતી અને સામાન્ય સભા બીજી વખત આજે તા. ૨૨-૨-૨૦૧૭ ને બુધવારના રોજ સાંજે ચાર કલાકે બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું છે ત્યારે તા. ૨૦-૨-૨૦૧૭ ને સોમવારના રોજ બોલાવેલ સામાન્ય સભામાં એક સાથે બધા સભ્યો અને એ પણ ભાજપના મેંડેડ સાથે ચુંટાયેલા સભ્યો ગેરહાજર રહેતાં પ્રાંતિજ નગરમાં ચર્ચાએ જોર પકડ્યું હતું અને મુદ્દો ટોપએન ટાઉન બન્યો છે. ત્યારે નગર પાલિકામાં ભાજપના જ ચુંટાયેલા સભ્યોમાં શું દડોળ છે તે તો આજે યોજાનાર સામાન્ય સભામાં જ ખબર પડે કે કોન કોની જોડે છે અને કઈ હઠ સામાન્ય સભા યોજવામાં કાંટાની વનજાર કરે છે તે તો આજે સાંજે યોજાનાર જર્નલ સભામાં જ ખબર પડશે.

ખેડબ્રહ્માના રાધાકૃષ્ણ મંદિરનો પાટોત્સવ ઉજવાયો

ખેડબ્રહ્મા, તા. ૨૧

ખેડબ્રહ્માના ઠાકોર મંદિર ટ્રસ્ટ દ્વારા સંચાલીત રાધાકૃષ્ણ મંદિરનો પાટોત્સવ મંગળવારે ઉજવાયો હતો.

પાટોત્સવમાં સવારે ભગવાનની મહાપૂજા તથા અભિષેક કરવામાં આવ્યો હતો. જેમાં ધર્મલાભ ડૉ. ચંદુલાલ પુંજીરામ દવેએ લીધો હતો. પાટોત્સવ નિમિત્તે મંદિર પર ધ્વજા આરોહણ કરવાનો ધર્મલાભ લખુભાઈ ભીમજીભાઈ અટારા તથા ગોપીમંડળની બહેનોએ લીધો હતો. પાટોત્સવમાં રાત્રે ભજન કિર્તનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં મંદિરના પ્રમુખ જસવંતલાલ ભાવસાર, ટ્રસ્ટી અરવિંદભાઈ પટેલ, નારાયણભાઈ પ્રજાપતિ તથા પુજારી તસવંતલાલ પંડ્યા સહિત મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

માં જોગમાયાની રથયાત્રાની પૂર્વ તૈયારી માટે જાહેર સાધારણ સભા યોજાશે

આધ્યશકિત માં જોગમાયાની સમગ્ર ગુજરાત રાજયમાં ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન કરવાનું તથા ગુજરાત રાજયના ઠેર ઠેર ગામોમાં રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરવાનો નિર્ધાર કરવામાં આવેલ છે. રાવળદેવ સમાજમાં ચોસઠ જોગણી માતાના ભવ્ય ઈતિહાસથી ગુજરાત રાજયમાં વસતાં રાવળદેવ વાકેફ થાય તેવા હેતુસર અને આ સત્કાર્યની કિર્તિને વધુને વધુ પ્રસરે તે માટે આપશ્રી તથા આપના મંડળ, હોદેદારો, કારોબારી સભાસદો તેમજ આપશ્રીના મંડળના કાર્યક્ષેત્રમાં આવતા વિસ્તારોમાં વસવાટ કરતાં સમગ્ર રાવળદેવ સમાજ આ શુભકાર્યમાં સહભાગી બને તે માટે એક જાહેર જનરલ સભાનું આયોજન મહેસાણા જિલ્લાના કડી ખાતે ૨૬-૨-૧૭ રવિવાર સવારે ૯ કલાકે શ્રી પરચાધારી જોગણી માતાના મંદિર, આદુંદરા રોડ, કડી. ખાતે રાખેલ છે.

થરા હાઈવે રોડ પર જેસીબી અને ટ્રેલર અથડાયા, ચાલકોનો આબાદ બચાવ

થરા, તા. ૨૧

થરા આનંદ હોટલ પાસે રસ્તો ક્રોસ કરવાના ક્રોસીંગ પાસે જેસીબી અને ટ્રેઈલર ટકરાતા ટ્રેઈલર ડિવાઈડર ઉપર ચઢી જવા પામ્યુ હતુ અને મોટો ધડાકો થયો હતો. જો કે જેસીબીનું એક ટાયર જુદુ પડી ગયુ હતુ. જ્યારે ટ્રેઈલરના ત્રણ ટાયરો ફૂટી જવા પામ્યા હતા. આ અકસ્માત એક આગળ જતા ટ્રેક્ટરને બચાવવા જતા થયો હોવાનું લોકો દ્વારા જાણવા મળ્યુ હતુ. જો કે ટ્રેઈલર ચાલક અને જેસીબીનો ચાલક બન્ને જણ વાહનો મુકીને રફુચક્કર થઈ ગયા હતા અને લોકોના ટોળા જોવા માટે ઉમટી પડ્યા હતા. કોઈ જાનહાનિ થવા પામી ન હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે જો ટ્રેઈલરમાં ભરેલુ કન્ટેનર રોડ ઉપર નીચે પડ્યુ હોત તો મોટી જાનહાનિ સર્જાત પરંતુ સદ્નસીબે ચાલુ ન થતા જોનારા લોકોના જીવ પડીકે બંધાયા હતા અને થોડીવાર લોકોના ટોળા આ ટ્રેઈલરને જોવા ઉમટ્યા હતા. જો કે ઘટનાને કલાકો વિતવા છતાં નેશનલ હાઈવે ઓર્થોરીટી કે થરા પોલીસ ઘટના સ્થળ ઉપર ન ફરકતા લોકોમાં રોષ જોવા મળ્યો હતો અને સ્થાનિકો દ્વારા જેસીબીને સાઈડમાં કરીને ટ્રાફિક સમસ્યા ન સર્જાય તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. આમ તંત્રની નિષ્ક્રિયતા પુરવાર થવા પામી હતી.

છ શખ્સો ત્રાસ આપતા હોવાની ચીઠ્ઠી લખી ગળે ફાંસો ખાઈ લીધો

દધાલિયાના દલિત પોસ્ટમેનને બારોબાર જમીન નામે કરાવી આપવાની ધમકીઓ : મરવા સુધીનુ દુષ્પ્રેરણ કરનાર ૬ શખ્સો સહિત ૧૬ વ્યક્તિઓ સામે કલમ ૩૦૬ હેઠળ પોલીસે ગુન્હો નોંધ્યો : દલિત સમાજમાં ઉગ્ર રોષ

મોડાસા, તા. ૨૧

મોડાસાના દધાલિયા ગામે જમીન બારોબાર પોતાના નામે કરનાર શખ્સો વિરૂદ્ધ ફરિયાદ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. જે ફરિયાદમાં ઉલ્લેખ થયેલા આરોપીઓ અને અન્ય શખ્સોએ ફરિયાદ પાછી ખેંચવા, મારી નાખવાની ધમકી સહિત નોકરીમાંથી કાઢી મુકવા અને ગામ છોડી દેવાની ગંભીર ધમકીઓ સતત આપતા શારીરિક અને માનસીક રીતે કંટાળી દલિત સમાજના પોસ્ટમેન કંટાળીને આત્મહત્યા કરી લેતા પંથકમાં ચકચાર મચી હતી. મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં દલિત સમાજના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. અને આત્મહત્યા કરનારને મજબૂર કરનાર આરોપીઓને સખત સજા કરવામાં આવે તેવી ઉગ્ર માંગ કરી હતી. મોડાસા રૂરલ પોલીસે મૃતકને મરવા સુધી દુષ્પ્રેરણ કરનાર ૬ સહિત ૧૬ શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસાના દધાલિયા ગામે પોસ્ટમેન તરીકે ફરજ બજાવતા

જયંતિભાઈ ચમારની જમીન જેઠાલાલ મહેતા તથા જીગરભાઈ મહેતાએ બારોબાર તેમના નામે કરવી નાખી હતી. જે બાબતે રમણાઈ માનાભાઈ ચમારે ગત તા. ૧૧ ફેબ્રુઆરીના રોજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેથી બન્ને શખ્સોએ તેમને ફરિયાદ પાછી ખેંચી લેવા સતત દબાણ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને ગામ છોડી જતા રહેવા દબાણ કરી નોકરીમાંથી કઢાવી મુકવાની ધમકી આપી હતી. ઉપરાંત ૫ દિવસ પૂર્વે તેમની જમીન પર આવી રબારી તથા ભરવાડના ૧૦ ઈસમો સહિત કુલ ૧૬ ઈસમો લાકડીઓ લઈ આવી ફરિયાદ પાછી ખેંચવાની ધમકી આપતા સતત ધાકધમકીઓથી કંટાળેલા પોસ્ટમેન જયંતિભાઈ માનાભાઈ ચમારે આત્મહત્યા કરતા પહેલા મરવા માટે મજબૂર કરનાર વ્યક્તિઓના નામ સહિત ચીઠ્ઠી લખી પેન્ટના ખીસ્સામાં મુકી ઘરમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરતાં પંથકમાં ચકચાર મચી ગઈ હતી. આ બાબતે ૬ સહિત ૧૬ શખ્સો વિરૂદ્ધ મોડાસા રૂરલ પોલીસ મથકે ૩૦૬ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી. મૃતકની અંતિમ સંસ્કારમાં ઉમટી પડેલા દલિત સમાજના લોકોએ પોલીસ તટસ્થ તપાસ કરે તેવી ઉગ્ર માંગ કરી હતી.

મહેસાણા ખાતે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરાઇ

૨૧મી ફેબ્રુઆરી દિવસે યુનેસ્કોએ વિશ્વભરનાં રાષ્ટ્રો માટે 'માતૃભાષા દિવસ' તરીકે ઊજવવાનું જાહેર કર્યું છે. માતૃભાષાનું જતન કરવા માટે વિશ્વ કક્ષાએ પ્રતિ વર્ષે ૨૧મી ફેબ્રુઆરીએ વિશ્વ માતૃભાષા દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. મહેસાણા જિલ્લામાં માતૃભાષાનો મહિમા અને વિચાર, ગોષ્ટી તેમજ સાહિત્યકારોનું સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આજે વિશ્વ માતૃભાષા દિવસ છે. ભાષા સાથેનો આપણો સંબંધ પરસ્પર છે. આપણે ભાષાને જીવાડશું, માનાં હેતથી માતૃભાષા આપણને જીવાડશે. ''વિશ્વ માતૃભાષા દિવસ''ની શુભેચ્છાઓ સાથે ગુજરાતી ભાષાનું ગૌરવ હોવું જરૂરી છે તેમ ઉપસ્થિત સાહિત્યકારોએ જણાવ્યું હતું. મહેસાણા જિલ્લામાં યોજાયેલ આ કાર્યક્રમમાં સાહિત્યકાર કેશુદાદા, ડો.તુલસીદાસ પટેલ સહિત અગ્રણી સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા શિક્ષણાધિકારી જે.ડી.પટેલ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજના યુવકનું બાઈક સાદોલીયા બ્રીજ પાસેથી ચોરાયું

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ સાદોલીયા બ્રીજ ઉપર પાર્ક કરેલ પ્રાંતિજના યુવકનું બાઈક કોઈ અજાણ્યા બાઈક ચોર બાઈક ચોરી ગયા.

મળતી માહિતી મુજબ પ્રાંતિજના ભટ્ઠીવાળામાં રહેતો યુવક શાહરૂખ અબ્દુલમીયાં ભટ્ઠી તેણા બે મિત્રો તોફીક મુનાફ મીયાં ગોરી તથા નદીમ ઝાકીરમીયાં ભટ્ઠી સાથે પોતાનું બાઈક નંબર- GJ18F-6955 લઈને વિજાપુર કોઈ કામ અર્થે ગયાં હતાં અને કામ પતાવીને ત્રણેય જણાં આવતા હતાં તે દરમ્યાન પ્રાંતિજના સાદોલીયા બ્રીજ ઉપર સાઈડમાં બાઈક ઉભું રાખીને સ્ટેરીગ લોક કરી શાહરૂખ તેનાં બે મિત્રો સાથે નીચે સાબરમતી નદીમાં પાણી અને કુદરતી નજરાનો આનંદ લેવાં નદી પાસે નીચે ગયાં હતાં અને દોડ એક કલાક કુદરતી મજાનો આનંદ લઈને તે પોતાના બે મિત્રો સાથે ઉપર બ્રીજ ઉપર પરત ફરતાં પાર્ક કરેલ બાઈક જે તે જગ્યાએ ના હોવાથી ત્રણેય મિત્રોએ આજુબાજુ સહિત તપાસ કરતાં કોઈ જગ્યાએ બાઈક નજર ના પડતાં બાઈકની ચોરી થયું હોવાનો ખ્યાલ આવતાં તેવો ત્યાંથી પ્રસાર વાહનમાં બેસીને પ્રાંતિજ આવીને પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં બાઈક ચોરી અંગેની જાણકરી હતી.